# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 17-12-2024 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## એક રાષ્ટ્ર એક ચૂંટણી વિધેયક લોકસભામાં રજૂ

**એક રાષ્ટ્ર એક ચુંટણી સંબંધિત બે બિલ આજે લોકસભામાં રજૂ કરાયા. કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રી અર્જુન રામ મેઘવાલે ગૃહમાં બંધારણ (129મો સુધારો) બિલ અને કેન્દ્ર શાસિત કાયદા (સુધારા) બિલ રજૂ કરવાની દરખાસ્ત રજૂ કરી હતી. બંને બિલ ગૃહની કાર્યવાહીમાં સૂચિબદ્ધ છે. જોકે આ બિલ મામલે શાસક અને વિપક્ષ આમને સામને છે. કેન્દ્રીય મંત્રી કિરણ રિજીજુએ આ બિલ દેશના વિકાસ માટે મહત્વપૂર્ણ ગણાવ્યું હતું, જ્યારે વિપક્ષોઓએ આ બિલનો વિરોધ કર્યો છે. કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, સહિતના વિપક્ષી નેતાઓએ આ બિલ મામલે પોતાનો વિરોધનો સૂર રજૂ કર્યો છે. સ્પીકર ઓમ બિરલાએ મતદાન થયા પછી જાહેર કરેલા પરિણામો અનુસાર આ બિલની તરફેણમાં 270 મત અને વિરોધમાં 198 મત મળ્યા છે. મતદાન થયા બાદ આ બિલને સંયુક્ત સંસદીય સમિતિને મોકલવામાં આવ્યું છે.**

--------------------------------------------------------------------------------

## સેવા સેતુ કાર્યક્રમ

**રાજ્યના સેવાસેતુ કાર્યક્રમના અત્યાર સુધીના 10 તબક્કામાં ત્રણ કરોડ સાત લાખ 30 હજાર 659 લાભાર્થીઓને લાભ અપાતા, 99.89 ટકા અરજીનો સફળતાપૂર્વક નિકાલ કરાયો હોવાનું જણાવાયુ છે.**

**ડિસેમ્બર 2023થી જાન્યુઆરી 2024 સુધીમાં યોજાયેલા નવ તબક્કામાં ગ્રામ્ય અને શહેરીકક્ષાએ મળેલી 100 ટકા અરજીઓનો નિકાલ કરાયો છે. 23 સેવાથી શરૂ થયેલા સેવાસેતુ કાર્યક્રમમાં હાલમાં સામાન્ય વહીવટ વિભાગ, નાણા, મહેસૂલ, શ્રમ અને રોજગાર, અન્ન, નાગરિક**

**પૂરવઠા અને ગ્રાહક બાબતો આદિજાતિ વિકાસ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, જેવા વિવિધ વિભાગોની કુલ 55 સેવાઓનો લાભ લાભાર્થીઓને સ્થળ પર જ આપવામાં આવે છે.**

---

## ઇમ્પેક્ટ ફીની મુદ્દત વધારાઇ

**રાજ્યમાં બિનઅધિકૃત ગેરકાયદેસર બાંધકામો ફી ભરીને કાયદેસર કરવા માટેની ઇમ્પેક્ટ ફી ભરવાની મુદ્દત વધુ 6 મહિના લંબાવાઇ છે. અત્રે જણાવી એ કે, ઇમ્પેક્ટ ફી ભરવાની મુદ્દતમાં આ સતત પાંચમી વખત વધારો કરવામાં આવ્યો છે. રાજ્યમાં ગેરકાયદે બાંધકામને તોડવાને બદલે નિયત ફી વસૂલીને કાયદેસર કરવા માટે મહત્ત્વ પૂર્ણ ઇમ્પેક્ટ ફી કાયદો અમલી બનાવાયો હતો.**

---

## રાજ્યના 26 તાલુકા વિકાસ અધિકારીની બદલી

**પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા રાજ્યના 26 અધિકારીઓને બદલીના આદેસ આપવામાં આવ્યા છે. ગુજરાત વિકાસ સેવા, વર્ગ-2 તાલુકા વિકાસ અધિકારી સંવર્ગમાં ફરજ બજાવતા અધિકારીઓની તાત્કાલિક અસરથી વહીવટી હિતમાં બદલી કરી અન્ય સ્થળે નિમણૂંક આપવામાં આવી છે. જેમાં કચ્છના માંડવી અને અબડાસા તાલુકા વિકાસ અધિકારીનો સમાવેશ થાય છે.**

---

## કચ્છ યુનિવર્સિટી ખાતે આવતીકાલે પદવીદાન સમારોહ

**ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી ખાતે આવતીકાલે ૧૪મો પદવિદાન સમારંભ રાજયપાલ આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં યોજાશે. આ સમારંભમાં ૩૮ વિદ્યાર્થીઓને સુવર્ણ ચંદ્રક સહિત ૫૫૩૦ છાત્રોને પદવી આપવામાં આવશે. આ સાથે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરાશે.**

---

## અદાણી બંદરે સિદ્ધિ હાંસલ કરી

**મુન્દ્રા ખાતેના અદાણી બંદરે મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. બહાર પડેલી અખબારી યાદી અનુસાર માસિક રેકોર્ડ મુજબ ગત નવેમ્બર માસમાં નિયંત્રિત જહાજોની સંખ્યા અને જહાજોની અવરજવર બંદરના ઇતિહાસમાં સૌથી વધુ રહી છે.**

**બંદર દ્વારા ગત નવેમ્બર માસમાં 396 જહાજોને હેન્ડલ કરવામાં આવ્યા હતા અને 845 જહાજની અવરજવરની સફળ વ્યવસ્થા કરાઇ હતી. જેથી કાર્ગો હેન્ડલીગ વાર્ષિક ધોરણે 21 ટકા વધીને કુલ 36 MMT થયું હતું.**

---

## ધોળાવીરા મુલાકાત

**દેશ-વિદેશમાં ખ્યાતી પ્રાપ્ત સાંસ્કૃતિક ધરોહરસમા ધોળાવીરા ખાતે દેશના મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવકુમારે મુલાકાત લીધી હતી. આ મુલાકાત પ્રસંગે તેમણે ધોળાવીરાની હડ્ડપન સંસ્કૃતિના અવશેષો, સિંધુ સંસ્કૃતિની રહેણીકરણી, પાણી વ્યવસ્થા નિહાળી તેઓ અભિભૂત થયા હતા. આ ઉપરાંત રોડ ટુ હેવન, રણમાં સંધ્યા દર્શન, ફોશિલ્સ સાઇડ નિહાળી સિંધુ સંસ્કૃતિની જે-તે સમયની લીપી અને ઓજારોની પણ જાણકારી મેળવી હતી.**

---

## અંદાજ સમિતિના સભ્યો જિલ્લા પ્રવાસે

**રાજ્ય વિધાનસભાની અંદાજ સમિતિના સભ્યો આગામી તા.૨૪ થી તા.૨૬ ડિસેમ્બર દરમિયાન શહેરી વિકાસ અને શહેરી નિર્માણ વિભાગ અંતર્ગત કચ્છ જિલ્લાનો અભ્યાસ પ્રવાસ કરશે. અંદાજ સમિતિના સભ્યોના અભ્યાસ પ્રવાસ અંતર્ગત ગાંધીનગરથી કચ્છના ધોળાવીરા વિશ્વ ધરોહર સ્થળ અને મ્યુઝીયમની મુલાકાત કાળો ડુંગર, રોડ ટુ હેવન, દતાત્રેય મંદિર, ધોરડો ખાતે ટેન્ટ સિટીમાં સાંસ્કૃતિક કાર્યક્રમ બાદ રાત્રિ રોકાણ, આ ઉપરાંત બીજા દિવસે**

**સફેદ રણ ખાતે સૂર્યોદય, ત્યારબાદ પ્રવાસીઓના આશ્રય સ્થાનની મુલાકાત લઈને માતાના મઢ જવા રવાના થશે, તેમજ નારાયણ સરોવર અને કોટેશ્વરનો પ્રવાસ કરશે. આ ઉપરાંત જિલ્લા મથક ભુજ, અંજાર સહિતના સ્થળોએ મુલાકાત કરશે.**

---

## ઠંડી

ઉત્તરાદા ઠંડા પવનની ઝડપમાં સામાન્ય ઘટાડો થયો હોવા છતા જિલ્લાવાસીઓને ઠંડીથી રાહત મળી નથી. લઘુત્તમ ઉષ્ણાતામાનમાં સામાન્ય વધઘટ સાથે ઠારનો પ્રભાવ યથાવત રહ્યો છે. રાજ્યના સૌથી શિતમથક એવા નલિયામાં લઘુત્તમ ઉષ્ણાતામાન **6.5** ડિગ્રી નોંધાયું હતું તો જિલ્લા મથક ભુજમાં **11.5** ડિગ્રી અને કંડલા ખાતે **14** ડિગ્રી લઘુત્તમ ઉષ્ણાતામાન નોંધાયું હતું. જિલ્લામાં મહત્તમ ઉષ્ણાતામાનમાં નજીવો વધારો થવા છતા પવનને પગલે ઠારનો પ્રભાવ યથાવત રહ્યો છે. મોડી સાંજથી સવાર સુધી કાતિલ ઠાર બાદ દિવસે પણ લોકોને ગરમ કપડાનો આશરો લેવો પડી રહ્યો છે. હવામાન વિભાગે પણ હાલ ઠંડીમાં રાહત નહીં મળે તેવો વર્તારો આપ્યો છે.

---